જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૬/૦૬/૨૦૧૮ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં
આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૧૨૮/૧૮

# ગૌવંશ કતલ સબંધી ૧ પુરુષ તથા પ્રોહીબીશન સબંધી ૧ સ્ત્રી કુલ્લે ૨ (બે) પાસા અટકાયતીની ધરપકડ કરતી વટવા પોલીસ

મે.પોલીસ કમીશ્નર શ્રી અમદાવાદ શહેર તથા ઇન્ચાર્જ સેક્ટર-૨ સાહેબની સુચના આધારે તેમજ ના.પો.કમી.શ્રી ઝોન-૬ સાહેબ તથા મ.પો.કમી.શ્રી 'જે' ડીવીઝન અમદાવાદના માર્ગદર્શન હેઠળ વટવા પોલીસ સ્ટેશનના પો.ઈન્સ. એચ.વી.સીસારા તથા પો.સ.ઈ એસ.પી.ગોહીલ તથા સાથેના સર્વેલન્સ સ્કોડના માણસો સાથે જી.આઈ.ડી.સી. વટવા તથા વટવા પો.સ્ટે. દાખલ ગૌવંશ કતલના ગુનામાં આરોપીઓ વિરુધ્ધ પાસા ઓર્ડર થયેલ જે આરોપી અ.નં.(૧) અબ્દુલગની ઉર્ફે દાઢી જાફરભાઈ વલીભાઈ જાતે-સીપાઈ ઉવ.૪૦ રહે, રેલ્વે ક્રોસિંગ છેલ્લા સીગ્નલ ખાનના પરા આગળ ધોળકા તા-ધોળકા જી-અમદાવાદ નાઓની વિરુધ્ધ મે.પોલીસ કમિશ્નર શ્રીના પાસા અટકાયતી હુકમ ક્રમાક :- પીસીબી/ડીટીએન/પાસા/૪૫૭/૧૮ તા.૧૩/૦૬/૧૮ ના રોજ પાસા હુકમ થયેલ હોય આરોપીને આજરોજ તા.૧૫/૦૬/૨૦૧૮ ના કલાક ૧૨/૦૦ વાગે પકડી અટક કરી પાસા હુકમની બજવણી કરી જીલ્લા જેલ જામનગર ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે. તથા આરોપણ બેન અ.નં.(૨) લીલાબેન વા/ઓ બલાભાઈ પ્રતાપભાઈ જાતે-ચુનારા ઉવ.૪૫ રહે, મોટો ચુનારાવાસ મોટી દરગાહની પાછળ વટવા અમદાવાદ શહેર નાઓની વિરુધ્ધ મે.પોલીસ કમિશ્નર શ્રીના પાસા અટકાયતી હુકમ ક્રમાક :- પીસીબી/ડીટીએન/પાસા/૪૪૫/૧૮ તા.૦૮/૦૬/૨૦૧૮ ના રોજ પાસા હુકમ થયેલ હોય આરોપીને આજરોજ તા.૧૫/૦૬/૨૦૧૮ ના કલાક ૧૪/૦૦ વાગે પકડી અટક કરી પાસા હુકમની બજવણી કરી મધ્યસ્થ જેલ લાજપોર – સુરત ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.

# વટવા પોલીસે ચોરીની બે મોટર સાયકલ સાથે બે ઈસમોની ધરપકડ કરી નારોલ પોલીસ સ્ટેશનના બે વાહન ચોરીના ગુનાનો ભેદ ઉકેલ્યો.

મે.પોલીસ કમીશ્નરશ્રી અમદાવાદ શહેર તથા મે.અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ સાહેબની સુચના આધારે તેમજ નાયબ પો.કમી.શ્રી ઝોન ૬ સાહેબ તથા મ.પો.કમીશ્રી જે ડીવીઝન અમદાવાદ તથા પોલીસ ઈન્સપેક્ટરશ્રી એચ વી સિસારા સાહેબના માર્ગ દર્શન હેઠળ વટવા પોલીસ સ્ટેશન વિસ્તારમા મિલકત સંબંધી ગુનાના ડિટેક્શન માટે સુચના મળેલ છે જે અન્વયે પો.સ.ઈ વાય.જી. ગુર્જર ના ચોક્કસ અને આધાર ભુત બાતમી આધારે સ્મૂતી મંદીર ત્રણ રસ્તા ખાતે વટવા વિસ્તારમાથી શંકાસ્પદ વાહન સાથે એક ઈસમ મેહુલ સન/ઓફ વિનુભાઈ જાતે-રાઠોડ ઉ.વ.૩૮ રહે-મ.નં-૫૫ જ્યોતી સ્કુલની સામે પારસનગર ઈસનપુર અમદાવાદ શહેર નાની અટકાયત કરી પુછ્પરછ કરતા કોઇ સંતોષકારક જવાબ ન આપતા તેમને સી.આર.પી. સી.કલમ ૪૧(૧) (ડી) મુજબ ધરપકડ કરી તથા ૧૦૨ મુજબ તેમની પાસેનુ વાહન કબ્જે લીધેલુ અને બાદ તે ઈસમની પુછ્પરછ કરતા તે નારોલ વિસ્તારમાથી ચોરી કરતા હોવાની કબુલાત કરતા હોય જે બાબતેની તપાસ કરતા નારોલ વિસ્તારની અંદર નારોલ પો.સ્ટે ખાતે ફ્સ્ટ ગુ.ર નં-૧૩૬/૧૮ ધી ઈ.પી કો કલમ ૩૭૯ મુજબ ગુનો દાખલ થયેલ હોય આ પકડાયેલ ઈસમ તથા મુદામાલ બાબતે નારોલ પોલીસ ને સોપવા માટે તજવીજ હાથ ધરેલ છે

(૨) પો.સબ.ઈન્સ એ.બી.ભટ્ નાઓને ચોક્કસ અને આધાર ભુત બાતમી આધારે વટવા પ્લેટીનીયમ ત્રણ રસ્તા પાસે એક ઇસમ મનુ સ/ઓ તેરસિહ જાતે-કટારા ઉ.વ-૪૨ રહે-ધાવડી ટી-સ્ટોલ વ્યાયમ શાળા સ્મુતી મંદીર સામે વટવા અમદાવાદ શહેર તથા મુળ વતન-ગામ-બંબેલા તા-ઝાલોદ જી-દાહોદ નાને વાહન સાથે રોકતા તેના કબ્જા માંથી પાસ પરમીટ માગતા વાહન અંગે કોઈ સંતોષ કારક ડોક્યુમેન્ટ રજુ ના કરતા સદરી ઈસમને ૪૧(૧) (ડી) મુજબ ધરપકડ કરી તથા ૧૦૨ મુજબ મુદ્દામાલ કબ્જે લઈ અને વિશ્વાસમા લઈ પુછ્પરછ કરતા તેઓએ આશરે આજથી એકાદ મહીના પહેલા નારોલ સાંગાણી રેસીડન્સી ના પાર્કીગ માથી વાહન ચોરીની કબુલાત કરતા હોય નારોલ પો સ્ટે તપાસ કરતા ફ્સ્ટ ગુ.ર નં-૧૩૫/૧૮ ધી ઈ.પી કો કલમ ૩૭૯ મુજબ ગુનો દાખલ થયેલ હોય સદરી બાબતે નારોલ પોલીસ ને સોપવા માટે તજવીજ હાથ ધરેલ છે

આમ ઉપરોક્ત બન્ને ૪૧(૧) (ડી) મુજબ ઉપરોક્ત બન્ને પકડાયેલ ઈસમો અગાઉ કોઈ ચોરીના ગુનામા પકડાયેલ છે કે કેમ ? આ સિવાય તેઓએ વધુ વાહનોની ચોરી કરેલ છે કે કેમ ? આ બન્ને ઈસમો સિવાય અન્ય તેના કોઈ સાગરીતો છે કે કેમ ? તે બાબતે વધુ તપાસ વટવા પોલીસ કરી રહી છે.

## સાબરમતી પોલીસ સ્ટેશન દ્વારા પ્રોહીબીશનના આરોપીને પાસા હેઠળ અટકાયત કરવા બાબત

આગામી રથયાત્રા અનુસંધાને મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તેમજ ખાસ પોલીસ કમિ.શ્રી સેકટર-૧ અમદાવાદ શહેર તેમજ ના.પો.કમિ.શ્રી ઝોન-૨ અમદાવાદ શહેર તેમજ મ.પો.કમિ.શ્રી એલ ડીવીઝન અમદાવાદ શહેર નાઓએ પ્રોહી/જુગારની પ્રવુતી સદંતર નેસ્ત નાબુદ કરવા સારૂ ચુસ્ત પણે સુચન કરેલ હોય જે સુચના આધારે અત્રેના પો.સ્ટે વિસ્તારમાં પ્રોહીની પ્રવુતી આચરતા ઇસમો ઉપર સતત વોચ રાખી બાતમી હકીકત આધારે ગેરકાયદેસર દેશી દારૂ તથા ઇગ્લીશદારૂનો જથ્થો રાખી ખાનગીમા વેચાણ કરતો નામે અજય સ/ઓ જશુભાઇ ઉર્ફે કાબરો અંબાલાલ છારા ઉવ-૩૫ રહે કાળીગામ છારાનગર સાબરમતી અમદાવાદ શહેર નાઓ વિરૂધ્ધ દેશી દારૂ તથા ઇગ્લીશ દારૂના કેશો શોધી કાઢી સદરી આરોપીને આવી પ્રવુતી પ્રોહી કલમ ૯૩ કે બી.પી.એક્ટ કાયદાની સામાન્ય જોગવાઇઓ અનુસાર તાત્કાલીક અટકાવી શકાય તેમ ન હોય સદરી આરોપી વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશ્નરશ્રીની કચેરી ખાતે મોકલી આપતા પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓએ આરોપીને પાસા અટકાયતમા લેવા ક્રમાંક-પીસીબી/DTN/પાસા/૪૬૬/૨૦૧૮ તા:૧૫/૦૬/૨૦૧૮ ના રોજ હુકમ કરતા સદરી હુકમ આધારે સદરી આરોપીને આજરોજ તા:૧૫/૦૬/૨૦૧૮ ના રોજ પાસા અટકાયતીના હુકમની બજવણી કરી ડીટેન કરી મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે યોગ્ય જાપ્તા સાથે મોકલી આપેલ છે.

## સાબરમતી પોલીસ સ્ટેશન દ્વારા પ્રોહીબીશનના આરોપીને પાસા હેઠળ અટકાયત કરવા બાબત

આગામી રથયાત્રા અનુસંધાને મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તેમજ ખાસ પોલીસ કમિ.શ્રી સેકટર-૧ અમદાવાદ શહેર તેમજ ના.પો.કમિ.શ્રી ઝોન-૨ અમદાવાદ શહેર તેમજ મ.પો.કમિ.શ્રી એલ ડીવીઝન અમદાવાદ શહેર નાઓએ પ્રોહી/જુગારની પ્રવુતી સદંતર નેસ્ત નાબુદ કરવા સારૂ ચુસ્ત પણે સુચન કરેલ હોય જે સુચના આધારે અત્રેના પો.સ્ટે વિસ્તારમાં પ્રોહીની પ્રવુતી આચરતા ઇસમો ઉપર સતત વોચ રાખી બાતમી હકીકત આધારે ગેરકાયદેસર દેશી દારૂ તથા ઇગ્લીશદારૂનો જથ્થો રાખી ખાનગીમા વેચાણ કરતો નામે દિપક સ/ઓ નંદુભાઇ અંબાલાલ જાડેજા (છારા) ઉવ-૨૮ રહે કાળીગામ છારાનગર સાબરમતી અમદાવાદ શહેર નાઓ વિરૂધ્ધ દેશી દારૂ તથા ઇગ્લીશ દારૂના કેશો શોધી કાઢી સદરી આરોપીને આવી પ્રવુતી પ્રોહી કલમ ૯૩ કે બી.પી.એક્ટ કાયદાની સામાન્ય જોગવાઇઓ અનુસાર તાત્કાલીક અટકાવી શકાય તેમ ન હોય સદરી આરોપી વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશ્નરશ્રીની કચેરી ખાતે મોકલી આપતા પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓએ આરોપીને પાસા અટકાયતમા લેવા ક્રમાંક-પીસીબી/DTN/પાસા/૪૬૭/૨૦૧૮ તા:૧૫/૦૬/૨૦૧૮ ના રોજ હુકમ કરતા સદરી હુકમ આધારે સદરી આરોપીને આજરોજ તા:૧૫/૦૬/૨૦૧૮ ના રોજ પાસા અટકાયતીના હુકમની બજવણી કરી ડીટેન કરી જિલ્લા જેલ જામનગર ખાતે યોગ્ય જાપ્તા સાથે મોકલી આપેલ છે.

## પાસા અટકાયતીને પકડી પાડતી ઓઢવ પોલીસ સ્ટેશન પોલીસ.

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા મે.અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ સા.તથા મે.નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫ સા.તથા મે.મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી "આઈ"ડીવીજન અમદાવાદ શહેર.નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ " જાહેર સલામતી અને વ્યવસ્થા " વિરૂદ્ધના કૃત્યો અટકાવવા સારૂ તેમજ આગામી રથયાત્રા અનુસંધાને અસરકારક પગલા લેવા કરેલ હુકમ અનુસંધાને અમો પોલીસ ઈન્સપેક્ટરશ્રી.આર.જી.જાડેજા.નાઓએ " વિક્રમસિંહ ઉર્ફે મુકેશ ઉર્ફે મુકો સ/ઓ જશવંતસિંહ ડાભી ઉવ..૩૦.રહે.સિદ્ધનાથપુરા પ્રાથમિક શાળાની બાજુમાં કાકરખાડ તા.કઠલાલ.જી.ખેડા." નાનો "જાહેરવ્યવસ્થા " વિરૂદ્ધના કૃત્યો કરતો હોય જેની વિરૂદ્ધમાં (૧) ઓઢવ પો સ્ટેશન.પ્રોહી.ગુ.ર.નં-૫૨૩૪/૨૦૧૭ પ્રોહી કલમ.૬૬(બી),૬૫(ઈ),૮૧ મુજબ.તથા (૨) ઓઢવ પો સ્ટેશન.પ્રોહી ગુ.ર.નં-૫૩૧૮/૨૦૧૭.પ્રોહી કલમ.૬૬(બી),૬૫(ઈ),૮૧ મુજબ.તથા (3) ઓઢવ પો સ્ટેશન.પ્રોહી.ગુ.ર.નં-૫૪૧૦/૨૦૧૭ પ્રોહી કલમ.૬૬(બી),૬૫(ઈ),૮૧ મુજબ મુજબના ગુના નોંધાયેલ હોય સદરી આરોપી વિરૂદ્ધમાં પુરાવા ભેગા કરી પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશ્નરશ્રી.અમદાવાદશહેર.નાઓની સમક્ષ સાદર કરતા તેઓ સાહેબે પાસા હુકમ નં-**PCB/DTN/PASA/286/18** તા.**02/05/18** અન્વયે હુકમ કરતા મજકુર પાસા અટકાયતીની સર્વેન્સ પો.સ.ઈ.એ.ડી.ભટ્ટ.તથા અ.હેડ.કોન્સ.રામસિંહ લક્ષ્મણસિંહ બનં-૭૭૩૩ તથા પો.કો.સંદિપકુમાર જયંતિલાલ બનં-૧૦૧૬૩. તથા લો.રક્ષક રાજુભાઈ રાહાભાઈ બનં-૧૦૫૮,લો.ર.જયદેવસિંહ નાગજીભાઈ બનં-૩૨૪૧.તેમજ અન્ય સ્ટાફના માણસો વોચમાં હાજર રહી મળી આવતા પકડી લઈ તા.૧૫/૦૬/૧૮ ના કલાક.૦૩/૦૦ વાગે પાસા હુકમની બજવણી કરી રાજકોટ મધ્યસ્થ જેલ ખાતે પાસા અટકાયતીને જરૂરી જાપ્તા સાથે મોકલી આપવામાં આવેલ છે.તા.૧૫/૦૬/૧૮.

નાયબ પોલીસ કમિશનર,  
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.  
પોલીસ કમિશનર વતી.